Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૨૮ • તા. ૧૩ જુલાઈ થી ૧૯ જુલાઈ ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



ACBL Estd 1984

## શ્રી અરિહંત કૉ.ઓ. બેંક દ્વારા આધુનિક નેટ વ્યુઈંગ તેમજ RTCG/NEFT બલ્ક અપલોડીંગ સેવાનું વાશી શાખામાં લોકાર્પણ સમારોહ તા. ૧૫/૬/૨૦૧૫



દીપ પ્રાગટ્ય કરતા ચેરમેન શ્રી મહેન્દ્ર ડી. ખોના સાથે ડાયરેક્ટર અને સીઈઓ



ડાયરેક્ટર શ્રીમતી માલતી ધરમશી દ્વારા દીપ પ્રાગટ્ય



મહાનુભાવો અને વાશી શાખાના પૂર્ણ સ્ટાફ દ્વારા નવકાર પઠન



ચેરમને શ્રી મહેન્દ્ર ડી. ખોનાનું પ્રેરક પ્રવચન



ડાયરેક્ટર શ્રી ધનેશ મોમાયાનું પ્રવચન



ઉપસ્થિત શ્રોતાગણ



આઈ.સી.આઈ.સી. બેંકના અધિકારીઓનું
સન્માન કરી રહેલા ડાયરેક્ટરશ્રી



આભારવિધિ કરી રહેલા ડાયરેક્ટર શ્રીમતી માલતી ધરમશી
અને મંચસ્થ મહાનુભાવો

## શ્રી નલીયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ તથા માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ
## પ.પૂ. આચાર્ય શ્રી કલા પ્રભસાગર શ્રી મહારાજસાહેબ તથા સર્વ મુનિરાજ ને ગુરૂવંદના












# હાર્દિક અભિનંદન



## ડૉ. સિધ્ધાર્થ - સ્મિતા રાજેશ ધરમશી

(સુથરી - સાંગલી)

**M.D. (Medicine)** થયા બદલ અભિનંદન તથા ઉજ્જવલ ભવિષ્યમોટ હાર્દિક શુભેચ્છાઓ સાથે

-: શુભેચ્છક :-

## ડૉ. રાજેશ દેવજી ધરમશી પરિવાર

**DHARAMSI HOSPITAL**

Superspeciality Centre for Gastroenterology and Liver ICU

Sangli - 416 416. Maharashtra

## શ્રી નલીયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ તથા માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ

શ્રી નલીયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ તથા માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તારીખ ૫/૭/૨૦૧૫ રવિવાર સાંજના પ.પૂ. આચાર્ય શ્રી કલાપ્રભસાગરશ્રી મહારાજસાહેબ તથા સર્વ મુનિરાજને ગુરૂવંદના કરવા ડોંબીવલી વેસ્ટ/ઈસ્ટથી ૩ બસ દ્વારા ૧૭૫થી વધુ જ્ઞાતિજનો નવનીત નગરે ગયા હતા.

સાહેબ દ્વારા માંગલિક તથા પ્રવચન આપવામાં આવેલ. કચ્છી દશા ઓસવાલ સમાજનો મોટો સંઘ વંદન કરવા આવતા આચાર્ય શ્રી સર્વ જ્ઞાતિજનને ધર્મ પ્રત્યે આપણી ફરજ વધુ ને વધુ આપણી માતૃભાષાનો ઉપયોગ તથા જીવનમાં સુંદર, ધર્મપ્રિય કાર્ય કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો હતો, પુજયશ્રીઓ ડોંબીવલી કચ્છી દશા ઓસવાલ સમાજના માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી પરિવાર દ્વારા ચાલતી સાધર્મિક સહાય યોજનાની ખુબ પ્રશંસા કરી હતી. આવા સુંદર કાર્ય માટે સંજય ધરમશી, કલ્પેશ ધરમશી સદા સુકૃતના કાર્ય કરતા રહે અને પ્રભુ એમને વધુ ને વધુ ધર્મપ્રિય સમાજ ઉપયોગી કાર્ય કરવાની શક્તિ આપે, એવા આશીર્વાદ આપ્યા હતા.

સાહેબે વીરેન્દ્ર લોડાયા તથા હરીશ શિયાલ દ્વારા આયોજીત કચ્છી દશા ઓસવાલ સમાજના ગુરૂ વંદન કાર્યક્રમના આયોજનને બિરદાવ્યું હતું અને આવા સુંદર ધર્મપ્રિય કાર્યો હમેશા કરતા રહેશો એવા આશીર્વાદ આપ્યા હતા.

૧૭૫થી વધુ જ્ઞાતિજનો ને રૂપિયા ૫૦/-નું સંઘપુજન કરવામાં આવેલ .

(તસવીરો સામેના પાને)

## સરનામામાં ફેરફાર તથા વિશેષ બેંકીંગ સુવિધાથી પૈસા મોકલવા બાબત

માનનીય સબસ્ક્રાઈબર (ગ્રાહકો), હાલમાં પોસ્ટ ખાતા સાથે ગોઠવણ મુજબ આપના પ્રિય અઠવાડિક પ્રકાશ સમીક્ષાના અંકના છેલ્લાં પાના ઉપર આવેલ સરનામાના લેબલ ઉપર હવેથી ગ્રાહક નંબર લખીને આપવામાં આવેલ છે જેની નોંધ લેશોજી. જ્યારે પણ સરનામામાં ફેરફારની સુચના આપવી હોય તો જુના સરનામાને લખી મોકલવાને બદલે, ગ્રાહક નંબર લખી આપવાથી સરનામાંનો ફેરફાર ઝડપથી નોંધાઈ શકાશે, એટલે આ આપનો ગ્રાહક નંબર અલગથી નોંધી રાખશોજી.

જ્યારે પણ સરનામાના ફેરફારની સુચના આપવી હોય ત્યારે નીચે મુજબની માહિતી આપવી અત્યંત જરૂરી છે, જેના વગર ફેરફાર નોંધવામાં વિલંબ થવાનો જ છે. તમે અમને પત્ર મારફત અમારા કાર્યાલયના સરનામે સુચના આપી શકો છો. પણ જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી અમને ઈ-મેઈલ E-mail (દ્વારા) kdoprakash@gmail.com ઉપર સુચના આપવી વધુ સારી કેમકે ઝડપી પણ છે અને વિના કોઈ વધારાના ખર્ચ વગર મોકલાવી શકાય છે અને તેનાથી ફેરફાર સરળતાથી અને ઝડપથી નોધાશે. આપની પાસે ઈમેલની સુવિધા ન હોય તો કોઈ સંબંધી /મિત્ર મારફત પણ સુચના મોકલી શકાય.

સુચના ઉપર સરનામામાં ફેરફાર - અંક મોકલવા / અંકમાં છાપવા / બન્ને એમ લખવું.

૧ - ગ્રાહક નંબર અથવા જુનું નામ અને સરનામું (લેબલ મુજબ), ૨ - નવા ગ્રાહક કે જુના ગ્રાહક ભૂતકાળમાં ક્યારે પણ તમારા ઘરે સામાયિક આવતું હોય તો જુના ગ્રાહક લખવું), ૩ - પુરું નામ, તમારી કચ્છી અટક તથા કચ્છ/હાલારનું ગામ ઉદાહરણ : Kirit Khetshi Munvar, Jakhau), ૪ - લેબલ ઉપર જોઈતું નામ (નામ, પતિ કે પિતાની ઈનીશીયલ અને અટક ઉદાહરણ : Kirit K. Shah, ૫ - ૩ લાઈનમાં સરનામું જેમાં વધારેમાં વધારે એક્કજ સીમા દર્શક જગ્યાનું વિવરણ, ૬ - છેલ્લી લાઈનમાં ગામનું નામ, રાજ્ય તથા પોસ્ટલ પીન કોડ.

નંબર ૧, ૨, ૩, ૪ અને ૬ જરૂરથી ધ્યાનથી ભરવા. નવા ગ્રાહકે પણ જુનું સરનામું આપવું. લેબલમાં ફક્ત ૬ લાઈન છે જેમાં પહેલી લાઈન - ગ્રાહક નંબરની, બીજી લાઈન - નામની, પછીની ૩ લાઈન સરનામાની, છેલ્લી લાઈન ગામના નામ, રાજ્ય અને પોસ્ટલ પીન કોડ માટેની છે.

આપનો ટેલીફોન નંબર જણાવવો જેથી કોઈ પણ ફેરફારની વિગત અધુરી હોય અથવા સરનામાં બાબત કોઈ ચોખવટ જોઈતી હોય તો આપનો તરત સંપર્ક કરી શકાય.

ઉપર મુજબની વિગત જો માકલવામાં નહિ આવે તો સરનામામાં ફેરફાર કે નવા ગ્રાહકના સમાવેશ કરવાના સમયમાં વિલંબ થશે જેની નોંધ લેવી.

લવાજમ ભરવા કે જાખના પૈસા મોકલવા અમારા બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

**<u>For NEFT Transfer</u>**

| | | |
|---|---|---|
| Type of Account | : | Savings |
| Account Number | : | 002001003686 |
| Name of the Bank | : | Shri Arihant Co-op Bank Ltd. |
| IFSC Code | : | ICIC00ARIHT (4 characters followed by Zero Zero and then 5 characters) |
| | : | Total 11 characters. |
| MICR Code | : | 400800003 |
| Name of the Account | : | C D O Prakash Samiksha Samiti |

**For Mobile App Transfer**
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606

You must write separate letter giving payment reference number, amount and date of transfer for our record by email or by post.

Also give :
For Old subscribers - Just give your Subscription Number
For New Subscribers - Give full address as per above guidelines
લવાજમ કે જાખના પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પુરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

**For Cheque Payments**
Draw your cheque in the name of **C D O Prakash Samiksha Samiti** and payable at par at Mumbai.
ચેકથી લવાજમ કે જાખના પૈસા ભરનારાઓએ ચેક **C D O Prakash Samiksha Samiti** ના નામથી મોકલવો. ચેક at par મુંબઈનો હોવો જોઈએ.

## સમસ્ત મહાજનની ઉપયોગિતા કેટલી ?




પ્રકાશ સમીક્ષાના અંક ૨૫માં શ્રી ચંદ્રસેન મોમાયાના સમસ્ત મહાજનની ઉપયોગિતા અંગેના વિચારો વાંચ્યા. જે સંસ્થાએ 'અનંતછાયા'નું વેચાણ અટકાવવા સક્રિય રસ ન લીધો, મોડે મોડે જાગી પણ ત્યાંસુધીમાં તો ગામો... HOPE-1000 તેમજ કલ્પવૃક્ષ યોજનામાં ફસાયેલા જ્ઞાતિજનોના પૈસા પરત મેળવવા માટે કોઈ પ્રયાસો કર્યા નથી (કર્યા હોય તો જ્ઞાતિને એ બાબત વાકેફ કરી નથી) એવી સંસ્થાની ઉપયોગિતા કેટલી ?

અકાદ-બે વર્ષથી કેલેન્ડર પ્રકાશિત કરવા સિવાય બીજું ક્યું કામ સમસ્ત મહાજને કર્યું છે ? માત્ર (શોભાના ગાંઠિયા' જેવી સંસ્થાઓથી જ્ઞાતિનું ભલું નહિ થાય જ્ઞાતિની સમસ્યાઓમાં સક્રિય રસ લઈને એને ઉકલેવા જરૂર છે. ફક્ત સલાહ-સૂચન આપનારી સંસ્થાઓથી શું વળે ?

જ્ઞાતિમાં ખોટું થતું હોય તો એને અટકાવી શકે અને સારાં કાર્યોને બમણા વેગથી પૂરા કરાવી શકે એવી સત્તાઓ જો સમસ્ત મહાજનને મળે તો જ એ સારી રીતે કામ કરી શકે; પણ સત્તાઓ કોણ આપે ? બધાં ગામો અને શહેરોનાં જ્ઞાતિ મહાજનો, વિવિધ એકમો જો સમસ્ત મહાજનને સહકાર આપે તો જ એનું કામ સરળ બનશે અન્યથા, આગળ વધવું ઘણું કપરું થઈ પડશે. હજી તો સમસ્ત મહાજનની અલાયદી ઑફિસ પણ નથી. સેક્રેટરી જનરલ પોતાની ઑફિસથી સમસ્ત મહાજનની કાર્યવાહી ધીમે ધીમે આગળ વધારી રહ્યા છે. હા, એમણે અલગ-અલગ જગ્યાએ મિટિંગો અવશ્ય ગોઠવી હતી. પણ એથી જ્ઞાતિને શો ફાયદો થયો એની જાણ નથી.

સંમેલનના સ્થળ બાબત મેં ઘણા સમય પહેલાં પ્રકાશ સમીક્ષાને પત્ર લખ્યો હતો. (એવો જ પત્ર'પાંજો પ્રતિબિંબમાં છપાઈ ચૂક્યો છે.) મુંબઈમાં બે સંમેલનો આ આગાઉ યોજાઈ ચૂક્યાં છે. હવે આપણી માતૃભૂમિ કચ્છમાં એક સંમેલન યોજાય એ ખૂબ જરૂરી છે. જ્ઞાતિ સંમેલન એ જ્ઞાતિના વિકાસ અને પ્રગતિની દિશામાં એક અતિ આવશ્યક કદમ છે. ભુજમાં સંમેલન યોજી શકાય કે કેમ એ બાબત ચર્ચા-વિચારણા થવી જોઈએ. યાદ રહે, બંને જ્ઞાતિઓના સંયુક્તિકરણ (એકીકરણ) પછીનું આ પહેલું સંમેલન હોઈ એનું વિશેષ મહત્વ છે.

**- શામજી પદમશી છેડા, ગાંધીધામ**

## જાહેરાતકારોને સહકાર આપવા વિનંતી.

પ્રકાશ સમીક્ષાના ચાલુ અંક માટેની મેટર અને જાહેરાતો આમ તો બુધવાર સુધી મળી જાય તેમ મોકલવાની હોય છે. અલબત, પાર્ટી જો પોતે જાહેરાત બનાવરાવીને મોકલવાની હોય તો તે એકાદ દિવસ મોડેથી મોકલે તો પણ ચાલે, જો કે તે માટે આગાઉ થી જાણ કરીને જગ્યા બુક કરી લેવાનું જરૂરી છે.

કેટલીક પાર્ટીઓ અમે જાહેરાત બનાવીને તેમની બતાવીએ એવો આગ્રહ રાખતી હોય છે, તેમની જણાવવાનું કે અમારે માટે આ શક્ય નથી એટલે તેમને જાતેજ બનાવીને મોકલવી.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 28/2015

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## ભગવાન મહાવીરની શીખનો સાર :
## જાણો ચાહવાની કળા, જીવવાની કળા, ત્યાગવાની કળા....

શાંતિથી જીવન જીવવા માટે અને મુક્તિ માટે સર્વ કાળ માટે ભગવાન મહાવીરે જગતને આ ત્રણ અમૂલ્ય શીખ આપી : આર્ટ ઓફ લવીંગ, આર્ટ ઑ લીવીંગ અને આર્ટ ઑફ લીવીંગ.

ઉપરની ત્રણે કળા – Art – જૈન સિદ્ધાંતો અને તત્ત્વમાં વણાયેલી છે મહાવીર વાણી છે, એટલે જ જૈન સિદ્ધાંતો એ જીવન જીવવાની અને જીવન મુક્તિની કળા છે. એ રીત જીવવું એ જ ધર્મ છે.

**Art of Loving : પ્રેમ કરવાની અને પ્રેમ પામવાની કળા :** જીવ માત્ર પ્રત્યે મૈત્રી ભાવ. મહાવીરનો પહેલો સિદ્ધાંત અહિંસા. તમે કોઈની હિંસા ન કરો, એટલે બસ પ્રેમ જ પ્રેમ છે. ચેતન અને જડને પણ પ્રેમ કરવાનું મહાવીરે કહ્યું. સૂક્ષ્મતિસૂક્ષ્મ પુદ્ગલને પણ પ્રેમ કરવાનું મહાવીરે કહ્યું, તે ત્યાં સુધી કે યોગના પ્રાણાયામનો પણ મહાવીરે અસ્વીકાર કર્યો. કારણ કે આપણા એક ઊંડા ઉચ્છ્વાસથી એક લાખ સૂક્ષ્મ જંતુની હિંસા થાય છે.

રાગમાં આસક્તિ છે, રાગ આવશે તો ક્યારેક દ્વેષ પણ આવશે. પ્રેમમાં સહ અસ્તિત્વનું તત્ત્વ છે. મહાવીરે અનેકાંત અને સાપેક્ષવાદના સિદ્ધાંતો આપી કહ્યું, અન્યના સત્યનો અમે અન્યના વિચારનો પણ આદર, એ વિચારને પ્રેમ કરો. એ વિચારને એના સ્થાને બેસી સમજવા પ્રયત્ન કરો. એ વિચારમાં હિંસા હોય તો એની સૈદ્ધાંતિક ચર્ચા કરો, એ હિંસાનો અનાદર કરો, મતભેદ દૂર કરો. પછી ક્યાં મતભેદ રહ્યા? મતભેદ નહિ એટલે મનદુઃખ નહિ.

અનેકાંતવાદ એ જ્ઞાનના ક્ષેત્રમાં સત્ય સુધી પહોંચવાનો અદ્વિતિય માર્ગ છે.

મહાવીરે કહ્યું, તારી જરૂરિયાત પૂરતું જ તું રાખ. તું ગમે તેટલું ભેગું કરે, એ બધું તારે અહીં મૂકીને જ જવાનું છે. કાળ મહાન છે અને પરિવર્તન કાળનો આત્મા છે. આવો અપરિગ્રહ જે સમજે અને જીવનમાં ઊતારે એનો કો, દુશ્મન ન જ થાય. એની કોઈ ઈર્ષા ન કરે. મહાવીર રાજકુંવર હતા, અને એમણે બધી સંપત્તિ અને સંબંધોનો ત્યાગ કર્યો, અને એ ભગવાન કક્ષા સુધી સર્વના પ્રિય બન્યા. ત્યાગમાં પ્રેમની કળા. એવી વ્યક્તિને બધા જ પ્રેમ કરે. મહાવીરે માત્ર ભૌતિક સમૃદ્ધિના અપરિગ્રહની વાત નથી કરી, **સંબંધોમાં પણ અપરિગ્રહ જરૂરી છે. વધુ સંબંધો અને સંપર્કો રાગ-દ્વેષના ચક્રવ્યૂહ સર્જે છે.** તું તારા ખપ પૂરતું જ તારી પાસે રાખ, જરા પણ વધુ નહિ. મહાવીરે કહ્યું, 'સત્ય' જ બોલ. અસત્ય વેર ઉત્પન્ન કરે, સત્ય પ્રેમનું સામ્રાજ્ય સ્થાપે છે. અપરિગ્રહ તારામાં સેવા અને દાનની ભાવના જગાડે છે, જે તને પુણ્ય આપી કર્મનિર્જરા કરાવે છે.

**Art of Living : જીવન જીવવાની કળા :** મહાવીરે જીવન જીવવાની કળા પણ શીખવી. ઉપર કહ્યું તેમ પ્રેમ, અહિંસા, અપરિગ્રહ અને સત્ય જેના જીવનમાં હોય એના જીવનમાં આનંદ આનંત જ હોય. મહાવીરે કહ્યું, જેમ તને તારો જીવ વહાલો છે એમ સર્વને પોતાનો જીવ વહાલો છે, એટલે માંસ અને મદિરાનું ભક્ષ ન કર, મધને પણ તાજ્ય કહ્યું. ભોજનમાં કઠોળ સાથે દહીં ભેળવીશ તો ત્વરિત સૂક્ષ્મતિસૂક્ષ્મ જીવ ઉત્પન્ન થશે. જે તને હિંસાનો દોષ આપશે. સૂર્યાસ્ત પછી ભોજનનો નિષેધ કર્યો, એ આ જીવ હિંસાને કારણે જ. મહાવીરે આહારશાસ્ત્રની સાથે સાથ ઉપવાસ અને તપના વિચારો અને ચિંતન પણ આપ્યા.

પ્રાચીનતમ આગમ ગ્રંથ આચારાંગ સૂત્રમાં ભગવાન મહાવીરે કહ્યું બધાં દુઃખો હિંસામાંથી ઉત્પન્ન થાય છે. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં કહ્યું પ્રાણી વધ પાપ છે, રૌદ્ર છે. સૂત્રકૃતાંગ આગમમાં કહ્યું હિંસાની તરફેણ કરવાવાળો જીવ અંધકારમાંથી અંધકાર તરફ જ જઈ રહ્યો છે. વર્તમાન વિજ્ઞાનીઓ પણ કહે છે કે અહિંસા વગર વિજ્ઞાન અધુરું છે, પ્રલયકારી છે.

મહાવીરે શિષ્ય ગૌતમને વારે વારે કહ્યું, **।। સમયં ગોયમ! મા પમાયએ ।।** હે ગૌતમ ક્ષણ માત્રનો પ્રમાદ ન કર. પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કર, કારણ કે આ ક્ષણ પણ શૂન્ય થવાની છે. જે સમયની કિંમત સમજે છે એ જીવન જીવવાની કળા જાણે છે.

મહાવીરે કહ્યું, ચાર કષાય, ક્રોધ, લોભ, માયા અને માનને તિલાંજલિ આપ... બધાં તારા મિત્ર બની જશે. અનુભવી વૃદ્ધો અને સદ્ગુરુની સેવા કર, શાસ્ત્રોનું અધ્યયન કર, મનન કર, ધ્યાન કર. તને બહારનો આનંદ અને અંદરનો આનંદ અને પ્રેમ બેઉ મળશે, અને વધારામાં મનની શાંતિ પણ, જેની તને ખોજ છે. વર્તમાન અને ભવિષ્યનું જીવન જીવવાની આ જ કળા છે.

મહાવીરે જીવન જીવવાની કળા માટે વિવેક-વિનયસંહિતા આપી. વિવેકથી ચાલો, બેસો, ઊભા થાવ, વિવેકથી સૂઓ, વિવેકથી ભોજન કરો. વાણીમાં વિવેક ભરો.

મહાવીરે 'ઉત્તરાધ્યયન સૂત્ર ગ્રંથ'ના 'વિનયશ્રુત' અધ્યયનમાં પોતાની અંતિમ દેશનામાં કહ્યું, અહંનો વિલય એટલે વિનય ગુણોનું પ્રસ્થાપન. ગુણોનો હિમાલય એટલે વિનય, વિરતિનું વિદ્યાલય એટલે વિનય, સિદ્ધિનું મહાલય એટલે વિનય. વિનય આત્મિક ગુણોનું કારણ, તારણ અને અવતરણ છે. વિનય ધર્મનું મૂળ છે. વિનયથી વિદ્યા અને સેવા શોભે છે. જ્યાં વિનય છે ત્યાં વિજય છે. કોઈ પણ કાર્યની સફળતાનું બીજ વિનય છે. ધર્મ આરાધનાનું પ્રવેશદ્વાર વિનય અને સરળતા છે. વિનયભાવ એ સર્વ સુખોનું બીજ છે. મુક્તિના મંગલ મંદિરનું પ્રથમ સોપાન વિનય છે. વિનય ગુણ સર્વ ગુણોને ખેંચી લાવે છે. વિનયનું વંદન જીવનને ચંદન બનાવે છે. વિનયથી સર્વ ગુણોનું ગુંથન અને સર્વ સુખોનું ગુંજન વિનય થકી જ થાય છે. અને આવો વિનયવાન અવશ્ય મોક્ષની નજીક જ છે.

ભગવાન કૃષ્ણે કહ્યું, મારે શરણે આવ, મારામાં વિલિન થઈ જા. ભગવાન મહાવીરે કહ્યું, પહેલાં મને જાણ પછી મને માન, અને તું તારા આત્મામાં સ્થિર થા. કર્મો ભોગવી લે, તો તું પણ પરમાત્મા બનવા સક્ષમ છે. અરિહંત, સિદ્ધ અને મોક્ષ પદ સર્વ આત્મા માટે શક્ય છે.

'આત્મા છે', 'તે નિત્ય છે'
'છે કર્તા નિજ કર્મ.'
'છે ભોક્તા' વળી 'મોક્ષ છે.'
'મોક્ષ ઉપાય સુધર્મ.'

મહાવીરે આ સૃષ્ટિનો સર્જનહાર એક ઈશ્વર છે એ વિચારનો અસ્વીકાર કર્યો. વર્તમાનમાં મહાન પદાર્થ વૈજ્ઞાનિક સ્ટીફન હોપકિન્સે પણ ઈશ્વરના અસ્તિત્વનો ઈન્કાર કર્યો છે.

મહાવીરે કહ્યું, 'તારા સુખ દુઃખનો કર્તા તું પોતે જ છે', એમ કહી મહાવીરે કર્મવાદના સિદ્ધાંતને વિગતે સમજાવ્યો. જે માણસ સારા કર્મ કરે તો એ બધાનો પ્રિય પાત્ર બને જ બને. શુભ કર્મથી એને આજન્મ અને પુનર્જન્મ એમ બેઉ જન્મમાં લાભ છે. જીવન જીવવાની આ વિશિષ્ટ અને સૈદ્ધાંતિક કળા છે.

મહાવીર જગતના પહેલાં માનસશાસ્ત્રી અને પહેલા સામ્યવાદી. અન્યને સુખ આપવાથી જ પોતાને સુખ મળે એ મનની વાત એમણે પ્રગટ કરી અને અપરિગ્રહના સિદ્ધાંતથી જગતને એમણે સામ્યવાદ અને સમાજવાદનો મૂલ્યવાન વિચાર આપ્યો. કાર્લ માર્ક્સ તો બહુ મોડો આવ્યો.

આ જ અપરિગ્રહ અને ટ્રસ્ટીશીપના વિચારને મહાત્મા ગાંધીએ સ્વીકાર્યો અને વિસ્તાર્યો.

**Art of Leaving :** આ **Leaving** – આ શરીર છોડવાની કળા કદાચ મહાવીરે જગતને પહેલ વહેલા સમજાવી. પહેલા અપરિગ્રહની વાત કરીને કહ્યું કે, 'વધારાનું' છોડો, પછી અંતિમ સુધી જઈને 'દેહ છોડવા'ની કળા પણ મહાવીરે **'સંથારો'** અને **'સંલેખના'**ના સ્વરૂપમાં વિગતે સમજાવી. મહાવીરે મરવાની આ કળા એવા ઊંડાણથી બતાવી કે એ આત્મા માટે મોક્ષપ્રાપ્તિ શક્ય બને. આ શરીર પુદ્ગલ છે, ગલ એટલે ગળી જાય એવું, પછી એનો મોહ શા માટે? એ ગળવાનું જ, એ એનો ધર્મ છે.

**सम्यग् कायकषाय लेखना इति संलेखना** – સંલેખનાની આ વ્યાખ્યા છે. એનો અર્થ એ કે કાયાને કષાયોને કૃશ કરવા એટલે કે પાતળા કરવા. ભગવાન મહાવીરે છ બાહ્યાંતર તપ અને છ અભ્યાંતર તપ એમ બાર પ્રકારના તપ કહ્યા છે. સંલેખનામાં આ બારેય તપનો સમાવેશ થઈ જાય છે. આ સંલેખનાનો વિશિષ્ટ અર્થ છે – મૃત્યુ માટેની પૂર્વ તૈયારી માટે લેવાતું વ્રત. આ પ્રકારના વ્રત માટે સંલેખના ઉપરાંત 'અનશન' અને 'સંથારો' શબ્દો પણ પ્રયોજાય છે.

વૃધ્ધાવસ્થા આવે, શરીર રોગોથી ઘેરાઈ ગયું હોય, શરીરની ક્રિયાઓ માટે શક્તિ ન રહી હોય ત્યારે જીવનમાં જાણે અજાણે કોઈ ખોટું કામ થઈ ગયું હોય એ સર્વ માટે પશ્ચાતાપ કરી ક્ષમા માગી લઈ, અને એ સર્વેને ક્ષમા આપી મૃત્યુ સુધી ઉપવાસની પ્રતિજ્ઞા ગુરુ પાસે લેવાની હોય છે.

મહાવીરે મૃત્યુના સત્તર પ્રકાર પણ જણાવ્યા છે – જેમ કે બાળ મરણ, પંડિત મરણ, કેવલી મરણ વગેરે.

વ્યક્તિ અનશન – ઉપવાસ – દશામાં શાંત મૃત્યુ પામે એને માટે 'સંથારો સિજ્યો' એવો શબ્દ પ્રયોગ વપરાય છે. આ ક્રિયા કંટાળીને કરેલો આત્મઘાત કે આપઘાત નથી પણ સમજપૂર્વક શરીર સંકેલવાની મૃત્યુની કળા છે. આર્ટ ઑફ લીવીંગ – છોડવાની – કળા છે.

આ મહાવીરે પ્રેમ – **Love** – કરૂણા અને સેવાના સથવારે જીવવાની **Living**ની કળા પણ દેખાડી અને છોડવાની, મરવાની, **Leaving**ની કળા પણ દેખાડી અને સમજાવી.

આ ત્રણે કળા **LOVE, LIVE** અને **LEAVE** જગતના પ્રત્યેક માનવ અપનાવે તો જગત કેટલું સુંદર – અને શાંતિવન બની જાય!?!

**– ડૉ. ધનવંત શાહ : માનદ તંત્રી – પ્રબુદ્ધ જીવન**

(અમદાવાદમાં હઠીસિંહની વાડીમાં પ.પૂ. આચાર્ય શ્રી વિજયશીલચંદ્ર સૂરીશ્વરજી મ.સા. યોજિત ચિંતનપ્રેરક પરિસંવાદમાં આપેલું વક્તવ્ય.)


**સરગમ વોટર પાર્ક – પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**
ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી – આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center
Since 1994

કોઈપણ ઉંમર હોય, ગમે તેટલું વજન હોય,ગમે તે બિમારી હોય.આ બધા માટે વૈજ્ઞાનિક પધ્ધતિથી વજન ઉતારવા અને મેઈનટેઈન રાખવા એકમાત્ર ઉપાય .

**રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન**

લાખો રૂપિયા ખર્ચીને સર્જરી કરાવીને પણ સંતોષકારક વજન ઉતરતું નથી અને ધાર્યા પમાણે શેપ આવતો નથી. થોડા વખત પછી પાછું વજન વધવા લાગે છે. આ બધી તકલીફો અમારી પાસે આવનારને નડતી નથી.



**નામ નહીં કામ બોલે છે**

**નીતિ હિતેશ ગાલા**

ઉંમર વર્ષ - 14

**હાઈટ માં વધારો – 6 cm**

**ટોટલ વજન ઉતાર્યું - 35 kg**



**પહેલાં** **પછી** **પહેલાં** **પછી**

**પહેલા વજન : 90 kg ★ પછી વજન : 55 kg ★ ટોટલ ઇંચ ઉતાર્યાં : 182**

“બધા એમજ માને છે કે આટલી નાની ઉંમરે વજન ન ઉતારાય.પણ મને હમેશાં લાગતું કે વજન નાની ઉંમરે જ ઉતારાય અને એ સાચું સાબિત થયું. હવે એ બધા કપડા પહેરી શકે છે.ખુબ ખુશ છે. સ્કુલમાં બધા કોમ્પલીમેંટ આપે છે ત્યારે એનુ કોન્ફીડન્સ ઔર વધી જાય છે. એ આ ઉંમરે આટલો મોટો ગોલ અચીવ કરી શકે છે,તો ભવિષ્યમાં એના માટે કંઇજ અશક્ય નથી. એ બધી વાતે હમેશાં કલીયર હોય છે, કદી કન્ફ્યુઝ નથી હોતી.એ આ કોર્સની વધારાની અસરો છે. અમે બધા એના માટે ગૌરવ અનુભવીએ છે.”

“ઉંમર ઘણી નાની અને કામ ઘણુ મોટુ કર્યું છે.આ માટે સ્ટ્રૉંગ વીલપાવર જોઇએ,જે નીતિ પાસે છે.આવોજ વીલપાવર અને ઉચા ગોલ જીંદગીમાં હમેશાં રાખજે.એ માટે શુભકામના અને અભિનંદન”- **રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન**

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઇ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઇ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઇઝી નથી. મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ, ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦૦૧૪
વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

|| મુલુંડ તીર્થ મંડન શ્રી વાસુપૂજ્ય સ્વામી - શ્રી સુમતિનાથ - શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામિને નમઃ ||
|| નમો નમઃ ગુરુ શ્રી ગૌતમ-સુધર્મા-આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો ||

# મુંબઈ મહાનગરના મંગલપુરી - મુલુંડ નગરે

# શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના ઉપક્રમે

સૂરિગુણસિંધુ પટ્ટાલંકાર, રાજસ્થાન-દક્ષિણ દીપક, સંઘવત્સલ, શાસનપ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી

# કલાપ્રભસાગરસૂરીશ્વરજી

## મહારાજા

તથા આદિ ઠાણા



## ચાતુર્માસ પ્રવેશોત્સવના

મંગલ પ્રસંગે સકલ સંઘને

# આમંત્રણમ્



**પ્રવેશમાં પધારજો સમયસર..**
સં. ૨૦૭૧, દ્વિતીય અષાઢ સુદ ૨,
**શુક્રવાર, તા.૧૭-૭-૨૦૧૫**
સવારે ૭.૦૦ વાગે

**સામૈયા તથા નવકારશી સ્થળ...**
**સંઘમાતા અ.સૌ. કલ્પનાબેન શામજી નરશી દંડ**
**(સાંઘવ-મુલુંડ)**
બી.પી.એસ. પ્લાઝા, જૈન દેરાસર પાસે,
દેવીદયાલ રોડ, મુલુંડ (વે)

**મુખ્ય અતિથિ વિશેષ**
ગુજરાત રાજયના રાજય મંત્રી
**શ્રી તારાચંદભાઈ છેડા**

**ચાતુર્માસના મુખ્ય સ્તંભદાતા**
**શ્રી અચલગચ્છ જૈન સંઘ**
**મુલુંડ (પૂર્વ)**

**નિશ્રા મનભાવન...**
૨૨મા વર્ષીતપારાધક પૂ. મુનિ શ્રી **હીતવર્ધનસાગરજી** મ.સા.
વૈયાવચ્ચપ્રેમી પૂ. મુનિ શ્રી **ભદ્રંકરસાગરજી** મ.સા.
પ્રવચન પ્રભાવક પૂ. મુનિ શ્રી **હેમચંદ્રસાગરજી** મ.સા.
સરળ સ્વાભાવિક પૂ. મુનિ **મોક્ષેશચંદ્રસાગરજી** મ.સા.
તપસ્વી પૂ. મુનિ શ્રી **વીરશેખરસાગરજી** મ.સા.

## ...ચાતુર્માસના લાખેણા દાતા...

માતુશ્રી બાચાંબાઈ મુલચંદ ગોસર - વીઢ
માતુશ્રી હિરબાઈ મોરારજી ગાલા - નાના આસંબિયા
માતુશ્રી પાનબાઈ પદમશી શાહ - ગઢશીશા
શ્રીમતી નવલબેન ખેરાજ દેઢિયા - ગઢશીશા
શ્રીમતી જયાબેન સુંદરજી મુરજી શાહ - સણોસરા
શ્રીમતી તરણાબેન મણીકાંત ધુલ્લા - જખૌ
શ્રીમતી વાંસતીબેન ડુંગરશી વિકમાણી - કોટડા રોહા
માતુશ્રી માનબાઈ દામજી મૈશેરી - લાલા
માતુશ્રી સાકરબેન ધનજી છેડા - બિદડા
માતુશ્રી રતનબેન નાનજી છેડા - બિદડા

માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા - વારાપધર (તન-મન)
માતુશ્રી ભારતીબેન ભાગચંદ ધરમશી - કોઠારા
માતુશ્રી પ્રેમીલાબેન વીશનજી ગાલા - કોટડા રોહા
માતુશ્રી લીલાવંતી નેમચંદ ગંગર - નાગલપુર
શ્રીમતી નવલબેન ભાણજી પાસડ - શેરડી
માતુશ્રી જવેરબેન રમણભાઈ સતરા - ગુંદાલા
માતુશ્રી હેમલતા હંસરાજ નાગડા - વીઢ
માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી નાગડા
હ. દમયંતીબેન દેવચંદ - નરેડી
શ્રી તારાચંદ રતનશી ગોસર - સાભરાઈ
શ્રી હરખગુણ સામાયિક મંડળ હ. મધુરીબેન, સરલાબેન

શ્રીમાન અશોક કલ્યાણજી ભેદા - વારાપધર (નેપચ્યુન ગ્રુપ)
શ્રીમતી દમયંતીબેન મુરજી રતનશી ગડા - નાના રતડીયા - મુલુંડ (પૂર્વ)
શ્રીમતી હીરાવંતી વશનજી ચનાભાઈ નાગડા - વીઢ
માતુશ્રી રતનબેન કાંતીલાલ દામજી મોતા - રાયધણજર (ટીકીટાર)
માતુશ્રી ખીમઈબાઈ મુરજી ગાલા - મંગલબાપા પરિવાર - બાડા
શ્રી પ્રેમચંદ જગશી બૌઆ - નાની તુંબડી
અ.સૌ. મીનાબેન કાંતીલાલ લીલાધર રાંભીયા
હ. શીતલ ભાવિકકુમાર ફુરીયા - કરીશ્મા અને કેવલ - રામાણીયા
અ.સૌ. રશ્મીબેન પ્રતાપ ચાંપશી લોડાયા - તેરા
એક સદગૃહસ્થ (મોટા આસંબીયા)
માતુશ્રી ઝવેરબેન લક્ષ્મીચંદ હરશી ગાલા (નરેડી)



**નિમંત્રક : શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ**
૫૪/૫૫, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૦૨૨ - ૨૫૬૮ ૧૧૭૦ / ૨૫૬૭ ૧૧૭૦

BINITA SATISH MARU : 98690 34162



સંવત ૨૦૭૧ ।। શ્રી આદિનાથાય નમો નમઃ ।। સન ૨૦૧૫

# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫ ફોનઃ ૦૨૮૩૧-૨૮૨૩૧૮

સ્નેહી સ્વજન, તા.: ૩૦-૦૬-૨૦૧૫

## સાંયરા તિર્થે આવ્યો છે અવસર આનંદકારી ચાર્તુમાસ પધારશે ગુરૂવર મંગલકારી

કચ્છની ધીંગી ધરા સાંયરા તિર્થે દ્વિતીય આષાઢ સુદ ૧૦ ને તા. ૨૬-૦૭-૨૦૧૫, રવિવારની સલુણી પ્રભાતે ૯.૧૫ કલાકે અચલગચ્છાધિપતિ આ. દેવેશ શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના. આજ્ઞાનુવર્તિની પ. પૂ. નરેન્દ્ર - અરૂણ - ધૈર્ય - ગુણબાગના **પ.પૂ.સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા. શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.**નું ચાર્તુમાસના પ્રસંગે મંગલમય પ્રવેશનું વાજતે વાજતે સામૈયું કરવામાં આવશે. આ મંગલમય પ્રવેશ, પર્યુષણ પર્વની આરાધના તથા શિશુ - યુવાન ધાર્મિક જ્ઞાન શિબિરનું આયોજનમાં સમસ્ત સાંયરાવાસી, નિયાણી બહેનો, સકલ શ્રી સંઘો, ગુરૂભક્તો, મોંઘેરા મહેમાનોને સહપરિવાર તપ-જપ-ધર્મની આરાધના માટે પધારવા સ્નેહભર્યું હાર્દિક આમંત્રણ છે.

**આ ચાર્તુમાસમાં પૂ. ગુરૂદેવના શ્રી મુખે સૂત્ર ધર્મબિન્દુ ગ્રંથ – ચરિત્ર સુરસુંદરીનું વ્યાખ્યાન થશે.**

**આ સંપૂર્ણ ચાર્તુમાસના સાધર્મિક ભક્તિના દાતાશ્રી માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયા પરિવાર હસ્તે શ્રીમતી પ્રેમીલાબેન પદમશી લોડાયા ઉલ્હાસભેર લાખેણોં લાભ લીધો છે.**

★ **શિશુ-યુવાની ધાર્મિક જ્ઞાન શિબિર:** બાળકોમાં વિનય, વિવેકને ચારિત્ર ખીલે, ધર્મની આરાધના કરતા જ્ઞાન દ્વારા આંતર ચક્ષુ ઉઘડે અને ધાર્મિક સંસ્કાર દ્વારા જીવન ઉજાગર બને એવી ભાવનાથી દિવાળી વેકેશનમાં પાંચ દિવસ તા.૦૯-૧૧-૨૦૧૫ થી તા. ૧૩-૧૧-૨૦૧૫ દરમ્યાન સાંયરામાં ધાર્મિક શિબીરનું આયોજન કરવામાં આવેલ છે.

★ ધાર્મિક શિબીરમાં ભાગ લેનાર બાળક/બાલિકાની ઉંમર ૬ થી ૧૬ વર્ષ રહેશે. યુવાન અને યુવતીની ઉંમર ૧૬ થી ૨૫ વર્ષ સુધીની રહેશે. મુંબઈ થી પ્રસ્થાન તા. ૦૭-૧૧-૨૦૧૫ શનિવાર, સયાજી નગરી ગાડી નં. ૧૯૧૧૫ સમય બપોરના ૨.૫૦ કલાકે ટ્રેન/બસ દ્વારા મુંબઈથી સાંયરા જશે. ટ્રેન / બસ પ્રવાસ પાછા વળતા તા. ૧૪-૧૧-૨૦૧૫ શનિવાર, કચ્છ એક્સપ્રેસ ગાડી નં. ૧૯૧૩૨ સમય રાત્રે ૭.૫૦ કલાકે સાંયરા/ભુજથી મુંબઈ રહેશે.

★ શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના વાલીઓએ રૂા. ૧,૦૦૦ /- આગોતરા ડિપોઝીટ તા. ૨૦-૦૭-૨૦૧૫ પહેલા આપવાના રહેશે જે શિબિરની પુર્ણાહૂતિ બાદ પાછા આપવામાં આવશે. શિબિરમાં ભાગ લેનાર બાળકનું પુરૂં નામ, સરનામું, માતા તથા પિતાનું નામ, જન્મ તારીખ, વય, અભ્યાસ, ઘરના ફોન નંબર, વાલીના મોબાઈલ નંબર, વિદ્યાર્થી/ બાળકના બે ફોટા સાથે રૂ. ૧,૦૦૦/- આપવાના રહેશે. તા. ૧૪-૧૧-૨૦૧૫ના શિબિરાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

**મુંબઈ થી પ્રસ્થાન : તા. ૦૭-૧૧-૨૦૧૫ શનિવાર, સયાજી નગરી ગાડી નં. ૧૯૧૧૫ સમય બપોરના ૨.૫૦ કલાકે.**
**સાંયરા થી પ્રયાણ : તા. ૧૪-૧૧-૨૦૧૫ શનિવાર, કચ્છ એક્સપ્રેસ ગાડી નં. ૧૯૧૩૨ સમય રાત્રે ૭.૫૦ કલાકે.**

## : ચૈત્ય પરિપાટી :

પર્યુષણ પર્વની પુર્ણાહુતી બાદ સાંયરાથી પાલિતાણા અને શંખેશ્વર યાત્રા પ્રવાસ રૂા. ૧,૦૦૦/- ડીપોઝીટ ભરી નામ નોંધાવી શકશે. આ ચૈત્ય પરિપાટીના ભાગ્યશાળી સંઘપતિ દાતાશ્રી **શેઠશ્રી રતનશી કુંવરજી લોડાયા હસ્તેઃ માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા પરિવારે** મોંઘેરો લાભ લીધેલ છે.

**ખાસ નોંધ :–** ● સાંયરા તિર્થે ધર્મની આરાધના માટે પધારનાર ગુરૂ ભગવંતના પ્રવેશ તા. ૨૬-૭-૨૦૧૫ થી પર્યુષણ પર્વ સુધી અને સંપૂર્ણ ચાર્તુમાસ કરનાર આરાધકને ટિકીટ ભાડું દાતાશ્રી પરિવાર તરફથી આપવામાં આવશે. ભુજથી સાંયરા સુધી સગવડ રાખવામાં આવેલ છે.

● **નકરો :** શ્રી ભક્તામર સ્તોત્રના લક્કી ડ્રોમા રૂા. ૫,૦૦૦/- નો નકરો ફક્ત (૮) જ દાતાશ્રીના નામ લેવામાં આવશે.
● પર્યુષણ પર્વમાં પ્રભાવનાનો નકરો રૂા. ૫,૦૦૦/- ફક્ત સોળ (૧૬) જ દાતાશ્રીના નામ લેવામાં આવશે.
● ચાર્તુમાસમાં વ્યાખ્યાન બાદ સંઘપૂજનનો નકરો રૂા. ૧,૦૦૦/- ફક્ત સો (૧૦૦) જ દાતાશ્રીના નામ લેવામાં આવશે.
● ધાર્મિક શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામનો નકરો રૂા. ૧,૦૦૦/- રાખવામાં આવેલ છે.
● પર્યુષણ પર્વ - ચાર્તુમાસના વિવિધ નકરામાં ભાગ્યશાળી દાતાશ્રી બનવાનો અમુલ્ય લાભ લેવા આપના નામ ધાર્મિક સમિતીને લખાવવા નમ્ર વિનંતી છે.

**શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન – ધાર્મિક સમિતીના જય જિનેન્દ્ર !**

શ્રી વાલજી હીરજી ખોના - 098204 38784 શ્રી રતિલાલ ધ્રોળ - 098208 65806
શ્રી દિનેશ મેઘજી પટેલ - 098206 78051 શ્રી હીરાચંદ ચત્રભુજ શાહ - 098191 70470
શ્રી બિપીન લક્ષ્મીચંદ લોડાયા - 098201 88826

UPASANA-9820167767

# આશા - નિરાશા વિશે મહાનુભાવોના મંતવ્યો

- જ્યાં કોઈ આશા નથી હોતી, ત્યાં કોઈ ઉદ્યોગ પણ નથી હોતો. - જૉન્સન
- દરેક વસ્તુમાં નિરાશ થવા કરતાં આશાવાન થવું બહેતર છે. - ગેટ
- હું આશાવાદી છું, કારણ કે નિરાશાવાદી થવાથી કોઈ લાભ નથી. - ચર્ચિલ
- નિરાશાના પંખીઓ માથા પર ભલે ઉડ્યા કરે, પરંતુ તે આપણાં માથામાં માળો બાંધે તે ન પાલવે. - સંકલિત
- આશાવાદી ગરીબ નિરાશાવાદી ધનિક કરતા વધુ સુખી હોય છે. - હરિભાઈ ઉપાધ્યાય
- આશાવાદ : જગતમાં ક્યાંક ને ક્યાંક તો પરોઢ હોય જ છે. - સંકલિત
- આશા જ એવી મધમાખી છે, જે વગર ફૂલે મધ બનાવે છે. - ઈક્ષર સોલ
- આશા જીવનની દોરી છે, પરંતુ કોઈ પ્રયાસ કર્યા વગર માત્ર આશા રાખવાથી કોઈ કામ થતું નથી. - અજ્ઞાત
- આશા એ તો જીવનનું લંગર છે. તેનો સહારો છોડી દેવાથી માણસ ભવસાગરમાં ડૂબી જાય છે. હાથપગ હલાવ્યા વિના એકલી આશા રાખવાથી જ કામ નહીં ચાલે. - લુકમાન
- આશાવાદી : એ વસંતનો માનવ દેહધાર અવતાર છે. - લૂઈ પાશ્ચર
- નિરાશાવાદી વિધ્વંશને નોતરે છે. નિરાશા એક મોત છે. રિબાવીને મારતું મોત ! - સ્વેટ માર્ડન
- આશા જ જીવન છે, જીવન જ આશા છે. - ગેટે
- નિરાશામાં પ્રતીક્ષા અંધજનની લાઠી સમાન છે. - પ્રેમચંદ
- દુઃખીના દર્દનું ઓસડ કેવળ આશા છે. - સૉક્રેટીસ



**"મૈશેરી તથા પીર પરિવારનું ગૌરવ"**

**મીત વિપુલા જીતેન્દ્ર મૈશેરી,** બાંઢીયા - મેહબુબનગર "MPC First Year" માં ૪૭૦ માંથી ૪૬૪ માર્ક મેળવી રાજ્યમાં ચોથા નંબરે આવેલ છે. ખૂબ ખૂબ અભિનંદન. ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ.

દાદાણા : રાજબાઈ લક્ષ્મીચંદ મૈશેરી (બાંઢીયા - મેહબુબનગર)
નાનાણા : મણીબેન નવીનચંદ પીર (સુથરી - અંજાર)


## જિંદગીના અઘરામાં અઘરા પ્રશ્નોનું સરળ, સચોટ અને સંતોષદાયક નિરાકરણ

જીવનનો મૂળ હેતુ જીવન નિર્વાહ અને આનંદ છે પણ આપણે સંબંધ, સંપત્તિ કે તંદુરસ્તી બાબત દુઃખનો અનુભવ કરતા હોઇએ છીએ અને એમાંથી બહાર નીકળવા માટે અન્ય સહારો શોધવાના ફાંફા મારીએ છીએ. તમારા દરેક પ્રશ્નના ઉત્તર તમારે જાતે મેળવવા હોય તો ...

વધુ વિગત જાણવા અને સમજવા તથા પોતાને પગભર થવા.
સંપર્ક :
**રૂપલ શાહ - 98339 96477**

કાઉન્સીલર, માઇન્ડ પ્રોગ્રામર, એસ્ટ્રોલોજર, ટેરો કાર્ડ રીડર, ગ્રાફોલોજીસ્ટ, હેન્ડ રાઈટીંગ એક્ષ્પર્ટ, સિગ્નેચર એનાલીસ્ટ ...

તા. ક.: ૬ સેશનમાં ટેરો કાર્ડ શીખો અને નિષ્કર્ષ કે નિર્ણય પર તમારી જાતે પ્હોચો (ગેરન્ટી સાથે).



**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574


શ્રી શાંતિનાથાય નમો નમઃ

**નિષ્ઠાવાન કાર્યકર્તાને શ્રી સાંધવ જૈન મહાજનના શ્રધ્ધા સુમન**



**શ્રી વીરચંદ મેઘજી લોડાયા (પુજારી)**
સાંધવ - ડોંબીવલી
અરિહંત શરણ તા. ૧૭/૬/૨૦૧૫

કચ્છ સાંધવ જૈન મહાજનને એક સહૃદયી નિષ્ઠાવાન વિરજીભાઈ જેવા સાથીને ખોયો છે. કે જે ખાટેની પૂર્તી થવી અશક્ય છે. પરમાત્માને નતમસ્તકે પ્રાર્થના કે તેમના પરિવારજનોને એ દુઃખદ પળો જીરવવાની શક્તિ અર્પે તેમના ચરણોમાં સુખશાંતિ સહ શાશ્વત સ્થાન અર્પે એજ અભ્યપ્રાર્થના.

લી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

# શ્રી કોઠારા કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

સંચાલીત

# શ્રી કોઠારા પાંજરાપોળ ટ્રસ્ટ

પોસ્ટ- કોઠારા, તા. અબડાસા, જી. કચ્છ (ગુજરાત) - ૩૭૦ ૬૪૫. ફોન : ૦૨૮૩૧ ૨૮૨૨૩૫
મુંબઈ ઓફિસ : મે. કે. એન. અજાની, ૧૩૭, અબ્દુલ રેહમાન સ્ટ્રીટ, સેન્ટ્રલ બેંકની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૩.

સુજ્ઞ મહાશય,

શ્રી કોઠારા પાંજરાપોળ કચ્છ-પ્રદેશમાં છેલ્લા ૧૫૪ વર્ષથી એક ધારી ચાલે છે. જ્યાં છાસવારે વરસાદ ઓછો પડતો હોઈ, અર્ધ દુષ્કાળ જેવી પરિસ્થિતી રહ્યા કરે છે. આ પાંજરાપોળ સંસ્થાએ ઘણા વખત કપરાકાળ જોયેલા છે. અહિંસા પ્રેમી સખી દાનવીરોનાં ઉદાર દાનને કારણે સંસ્થા ટકી રહેલ છે. ખૂબ જ કપરા સમયમાં ઘણી મોટી સંખ્યામાં અપંગ અને દૂબળા જાનવરોને આ સંસ્થાએ મોતના મુખમાંથી ઉગાર્યા છે અને નિભાવ્યા છે.

આ સંસ્થાએ જાનવરોને રહેવામાટે નાના મોટા શેડ (ગૌશાળા) બનાવેલા છે. જે પૈકી મુખ્ય ૪ શેડ (ગૌશાળા) નીચે મુજબ ના દાતાશ્રીઓના યોગદાનથી બનાવવામાં આવ્યા છે.

**(૧) સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન (ધરમશી) કોઠારા (૨) શ્રી રાયચંદ હંસરાજ ધરમશી સુથરી (૩) સ્વ અ.સૌ. મોનાબેન હરિશ પાલાણી (ખોના) કોઠારા (૪) સ્વ. શ્રી જ્વેરચંદ વિસનજી ધરમશી કોઠારા**

